# ધનસુરામાં ઠાકોર સમાજના યુવાનોના મુંડનની ઘટનાના વિરોધમાં રેલી યોજાતા ફરિયાદ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના ધનસુરા નગરમાં સોમવારે સાંજના સમયે શાકભાજીના વહેપારી દ્વારા શ્રમજીવી યુવાનો પર ચોરીનો આરોપ લગાવી પાંચ યુવકોના માથાનું મુંડન કરવાની સાથે મુંછો અને આંખોના ભ્રમર કાઢી નાખી શરમજનક સ્થિતિમાં મુકી દેતા શાકભાજીના વેપારી સામે ઉગ્ર પ્રત્યાઘાતો પડ્યા હતા. મંગળવારે સત્રિય ઠાકોર સમાજ દ્વારા મંગળવારે અપાયેલા બંધના પગલે ધારાસભ્ય સહિત ૧૭ વ્યક્તિઓ અને ૪૦૦ માણસોના ટોળા સામે પોલીસો જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ નોંધાતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

ધનસુરા નગરમાં શાકભાજીના વેપારી દ્વારા તેના ત્યાં નોકરી કરતા પાંચ ઠાકોર સમાજના યુવાનો દ્વારા જમા થયેલ પગારની માંગણી કરાતા વેપારી અને તેના ભાઈ દ્વારા પાંચ યુવાનો પર ચોરીનો આરોપ લગાવી પાંચેય યુવાનોના માથા તેમજ શરીરના વાળ કાઢી નાખતા જીલ્લાના ઠાકોર સમાજના યુવાનોને આ ઘટનાની જાણ થતા સમસમી ઉઠ્યા હતા.

મંગળવારે મોડાસાના ધારાસભ્ય સહિત ૧૭ આગેવાનોની રાહબરી હેઠળ ૪૦૦ ક્ષત્રિય ઠાકોર સમાજના માણસો દ્વારા વિરોધ પ્રદર્શન કરી ધનસુરા બંધનું એલાન અપાતા ધનસુરા ગામના લોકો સ્વયંભુ આ બંધમાં જોડાયા હતા ત્યારે ધનસુરા પોલીસે ઠાકોર સમાજના લોકોએ પૂર્વ મંજુરી સિવાય ધનસુરા બંધનું એલાન આપી અને ટોળા સ્વરૂપે વિરોધ દર્શાવી જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરી બજારો બંધ કરાવતા પોલીસે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર સહિત ૧૭ આગેવાનો અને ૪૦૦ માણસના ટોળા સામે પોલીસ ફરિયાદ નોંધાવામાં આવી હતી.



ઠાકોર સમાજના આગેવાનના જણાવ્યા મુજબ ધનસુરા પોલીસ લોકશાહી પર તરાપ મારતી હોય તેમ રાજકીય અને સામાજીક કિન્નાખોરી રાખી લોકો સામે ફરિયાદ નોંધાતા તેનો ઉગ્ર વિરોધ આગામી દિવસોમાં સમાજ દ્વારા કરવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું.





## મોડાસામાં કોંગ્રેસે મોંઘવારી સામે બળદગાડુ, ઊંટલારી, સાયકલ જેવા વાહનો પર સવાર થઈ વિરોધ કર્યો

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા છેલ્લા એક સપ્તાહથી મોંઘવારી વિરૂદ્ધ વિવિધ કાર્યક્રમો દ્વારા ભાજપા સરકાર વિરૂદ્ધ ઉગ્ર પ્રત્યાઘાતો અપાઈ રહ્યા છે. બુધવારે કોંગ્રેસના સદસ્યો દ્વારા પેટ્રોલ, ડિઝલમાં ક્રુડભાવના ભાવ તળીયે હોવા છતાં ભાજપા સરકાર પેટ્રોલ, ડિઝલના ભાવ અંકુશમાં રાખવાના બદલે દિવસે ને દિવસે વધારો કરતા મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર સહિત અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો દ્વારા અનોખી રીતે બળદગાડુ, ઊંટલારી, સાયકલ સવારી તેમજ ચાલતા મોડાસા શહેરના માર્ગો પર મોંઘવારી વિરૂદ્ધ રેલી યોજી હતી. મોંઘવારી સામાન્ય પ્રજાજનોને ભરખી જાય તે પહેલા સરકાર દ્વારા મોંઘવારી પર કાબુ મેળવવા આંખ ઉઘડે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# રાધનપુરમાં ૨૫ લાખની લૂંટ ફરિયાદીનું જ તરકટ

## સટ્ટામાં રૂપિયા હારી જતા આ કાવતરૂ ઘડ્યુ હતુ

મહેસાણા, તા. ૨૯

મહેસાણા શહેરના રાધનપુર રોડ પર રૂપિયા ૨૫ લાખની રોકડ રકમની થયેલ લૂંટના ગુનામાં ફરિયાદીની સઘન પુછપરછમાં ખુદ ફરિયાદી સટ્ટામાં નાણાં હારી ગયો હોઈ લૂંટનું તરકટ રચ્યુ હોવાની હકિકત બહાર આવી છે.

મહેસાણા ખાતે રાધનપુર રોડ પર ધોળા દિવસે બપોરના સમયે બે અજાણ્યા બાઈક સવારોએ ધક્કો મારી રૂપિયા ૨૫ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હોવાની વેપારી સંદિપ પટેલે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ફરિયાદીની સઘન ઉલટ તપાસ કરતા તે ભાંગી પડ્યો હતો અને સટ્ટામાં લાખો રૂપિયા હારી જતા તેણે આ લૂંટનું તરકટ રચ્યું હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. આથી પોલીસે રાહતનો દમ લીધો હતો. આમ વેપારી સંદિપ પટેલે લૂંટનું તરકટ રચીને પોલીસને ગેરમાર્ગે દોરી હોઈ પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનેરામાં ઘાસ નીચે સંતાડીને લઈ જવાતો લાખો રૂપિયાનો દારૂ ઝડપાયો

## પોલીસે ૭.૨૫ લાખના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી

ધનસુરા, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાની ધાનેરા પોલીસે ઘાસ નીચે સંતાડીને લઈ જવાતા લાખો રૂપિયાના દારૂ સાથે એકની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.



ધાનેરા પી.આઈ. જે.એમ. ચુડાસમા પોતાના સ્ટાફ સાથે સરહદી વિસ્તારના ગામડામાં વાહન ચેકીંગમાં હતા તે સમયે ધાનેરાના સરાલ ગામની સીમમાંમાંથી એક ટ્રેક્ટર ઘાસ ભરીને પસાર થઈ રહ્યું હતું તે ટ્રેક્ટરને રોકી તેની તલાશી લેતા ટ્રેક્ટરમાં ઉપર ઘાસ અને નીચે દારૂની પેટી ભરેલી જોવા મળતા પોલીસે ટ્રેકટર ચાલક ભેમાભાઈ ઈસાભાઈ કોળી રહે. ડેડુવાને ઝડપી પોલીસમથકે લાવતા ટ્રેક્ટરમાંથી વિદેશી દારૂની પેટી નંગ-૪૭ જેની કિંમત રૂપિયા ૨ લાખ ૨૫ હજાર અને ટ્રેક્ટરની કિંમત ૫ લાખ કુલ ૭ લાક ૨૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અત્યારે તો ધાનેરા પોલીસે ૭ લાખ ૨૫ હજારનો મુદ્દામાંલ જપ્ત કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પરંતુ આ દારૂ ક્યાંથી લાવ્યો હતો અને ક્યાં લઈ જવાતો હતો તે તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

# ગઢોડાની દેના ગુજરાત ગ્રામીણ બેંકમાંથી આસિસ્ટન્ટ દ્વારા ૪૨ લાખની ઉચાપત

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ગઢોડામાં આવેલી દેના ગુજરાત ગ્રામીણ બેંક શાખામાં વર્ષ ૨૦૧૨થી ૨૦૧૫ દરમિયાન ઓફિસ આસિસ્ટન્ટ (મલ્ટી પરપઝ) તરીકે ફરજ બજાવનાર બેંક કમીએ બેંકની કમ્પ્યુટર સિસ્ટમ સાથે ચેડા કરી અનઅધિકૃત બેકીંગ ટ્રાન્ઝેકશન કરી રૂા.૪૨ લાખથી વધુની ઉચાપત કરી બેંક સાથે વિશ્વાસઘાત તેમજ ઠગાઈનો મામલો પ્રકાશમાં આવતા જિલ્લાના બેકીંગ ક્ષેત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ગઢોડા બ્રાન્ચના મેનજરે બેંકમાં થયેલા ગફલા સંદર્ભે મંગળવારે હિંમતનગરના એ-ડીવીઝનમાં ઓફિસ આસિસ્ટન્ટ વિરૂધ્ધ મામલો દર્જ કરાવતા મામલાની ગંભીરતાને જોઈ પોલીસ તંત્ર પણ ચોંકી ઉઠયું છે.

ઉચાપત તેમજ ઠગાઈના મામલે પ્રાપ્ત વિગત અનુસાર હિંમતનગરના સહકારી જીન રોડ પર આવેલી સુભાષનગર સોસાયટીમાં રહેતા જીતેન્દ્રકુમાર નારાયણભાઈ પાંડોર તા.૨૯/૦૧/૨૦૧૨ થી તા.૨૭/૧૨/૨૦૧૫ દરમિયાન ગઢોડાની દેના ગુજરાત ગ્રામીણ બેંકમાં ઓફિસ આસિસ્ટન્ટ (મલ્ટી પરપઝ) તરીકે ફરજ બજાવતા હતા. ઓફિસ આસિસ્ટન્ટ જીતેન્દ્ર પાંડોરે કાર્યાલય સહાયક મેઘરજ શાખા તેમજ ગઢોડાના કાર્યકાળ દરમિયાન અને કાંકણોલ તથા નવા ખાતેના ડેપ્યુટેશન દરમિયાન કમ્પ્યુટર સિસ્ટમમાં અનઅધિકૃત બેકીંગ ટ્રાન્ઝેકશન દ્વારા બેંકની ગઢોડા શાખાના અલગ અલગ હેડે પોતાના પાટણ શાખામાં સ્ટાફ હાઉસીંગ લોન ખાતા નં.૭૧૦૧૬૦૦૦૦૨૭૮ અને ગ્રાહકોના ખાતે અલગ અલગ રકમો અનઅધિકૃત રીતે વિવિધ તારીખોએ ઉધારી પોતાના બચત ખાતા નં.૭૫૧૧૧૦૦૦૧૯૫૯૩ સ્ટાફ ઓવર ડ્રાફટ ખાતા નં.૭૫૧૬૧૩૦૦૦૨૪૨ અન્ય ખાતાઓમાં જમા કરાવી દીધી હતી અને જમા થયેલ રકમો ઉધારીને ઉચાપત કરી પોતાના અંગત કામમાં વાપરી નાખી હતી. આમ બેંકના જવાબદાર કર્મચારી તરીકે જીતેન્દ્ર પાંડોરે બેંકની સિસ્ટમ સાથે ચેડા કરી રૂા.૪૨,૧૭,૬૦૧ની કાયમી ઉચાપત કરી લાખ્ખો રૂપિયાની રકમ ઉપાડી પોતાના અંગત કામમાં વાપરી નાખી છે.

ગઢોડા શાખામાં ફરજ બજાવ્યા દરમિયાન ઓફિસ આસિસ્ટન્ટ જીતેન્દ્ર નારાયણભાઈ પાંડોરે ગ્રાહકોના ખાતામાં અલગ અલગ તારીખોએ રકમોની અનઅધિકૃત રીતે ળોડયુલંટ ડેબિટ કરીને વિવિધ તારીખોએ અલગ અલગ રકમો તેમના ખાતામાં તથા સંબંધિતોના ખાતામાં જમા કરી બ્રાન્ચ મેનેજરના યુઝર આઈડી-પાસવર્ડનો ઉપયોગ કરીને મીસ એપ્રોપીએશન-ળોડયુલંટ ટ્રાન્ઝેકશન કર્યુ છે.

દેના ગુજરાત ગ્રામીણ બેંકના ગઢોડા શાખાના પ્રબંધક જયદીપસિંહ મોતીસિંહ સિસોદીયાના ધ્યાને બેંકનો આ ગફલો ધ્યાને આવતા તેમણે બેંક સાથે થયેલા વિશ્વાસઘાત અને રૂા.૪૨,૧૭,૬૦૧ની કાયમી ઉચાપત કરી ઠગાઈ કરનાર બેંકના ઓફિસ આસિસ્ટન્ટ જીતેન્દ્રકુમાર નારાયણભાઈ પાંડોર વિરૂધ્ધ હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મંગળવારે મામલો દર્જ કરાવ્યો હતો. પોલીસે આઈપીસી કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭ મુજબ ગુનો નોંધી લાખ્ખો રૂપિયાની ઉચાપત કરી બેંકને ચૂનો ચોપડનાર ઓફિસ આસિસ્ટન્ટને દબોચવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# બાળ સુરક્ષા ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી લેવા ખાસ સૂચના

મોડાસા, તા. ૨૯

ગુજરાત રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયામક, સમાજ સુરક્ષા ખાતે હેઠળ રાજ્ય સ્તરે, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી તેમજ જિલ્લા સ્તરે કલેક્ટરના અધ્યક્ષસ્થાને કાર્યરત જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા રાજ્યમાં સંકલિત બાળ સુરક્ષા યોજના તેમજ જુવેનાઈલ જસ્ટીસ એક્ટનું અમલીકરણ કરાવવામાં આવે છે.

સમગ્ર દેશમાં ગત તા. ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૬થી જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫ અમલમાં આવેલ છે. જે કાયદાની કલમ ૪૧(૧) મુજબ બાળકલ્યાણ ક્ષેત્રે કામ કરતી કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા કાયદાના સંઘર્ષમાં આવતા બાળકોને રહેણાકીય સુવિધા પુરી પાડતી હોય તેવી સંસ્થાઓને ફરજીયાત જુવેનાઈલ જસ્ટીસ એક્ટ અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. જે સંસ્થાઓ જુવેનાઈલ સસ્ટીસ એક્ટ-૨૦૧૫ અંતર્ગત રજીસ્ટ્રેશન ના કરાવેલ હોય તેઓને કલમ-૪૨ મુજબ ૧ વર્ષ સુધીની સજા અથવા રૂ. ૧ લાખનો દંડ અથવા બંને સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

અરવલ્લી જિલ્લા કલેક્ટર અને જિલ્લા બાળ સુરક્ષા સમિતિના અધ્યક્ષ દ્વારા અપાયેલી સૂચના મુજબ અરવલ્લી જિલ્લામાં આ પ્રકારની બાળ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત જે કોઈ સંસ્થાઓનું રજીસ્ટ્રેશન બાકી હોય તો આવી સંસ્થાઓને તા. ૫મી જુલાઈ-૨૦૧૬ સુધીમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા સેવાસદન, બહુમાળી ભવન, ભોંયતળિયે બ્લોક-એ, રૂમ-૪, મોડાસા જિ. અરવલ્લીને નિયત નમુનામાં અરજી કરવા જણાવ્યું છે. નિયત સમય-મર્યાદામાં રજીસ્ટ્રેશન ન કરેથી બાળકલ્યાણ ક્ષેત્રે કામ કરતી આવી સંસ્થાઓ સામે જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, અરવલ્લીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.





## હિંમતનગરમાં પાલિકાતંત્ર દ્વારા સરકારી યોજનાના વિવિધ લાભાર્થી કાર્ડ માટે કેમ્પ યોજાયો

હિંમતનગર નગરપાલિકા દ્વારા મા-અમૃતમ કાર્ડ, આધાર કાર્ડ, આધારના દાખલા તથા જૈન લઘુમતિના દાખલા એકજ સ્થળેથી મળી શકે તે માટે મહાવીરનગર વિસ્તારમાં મહેશ્વર સેવા સમિતિ હોલમાં વિશેષ કાર્ડ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આ વિવિધ યોજનાઓ અંદાજે ૫૪૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કાર્યક્રમ પાલિકા પ્રમુખ નીલાબેન પટેલના માર્ગદર્શન દ્વારા મામલતદાર કચેરી તેમજ તાલુકા હેલ્થ ઓફીસના સહયોગથી યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કારોબારી અધ્યક્ષ વિમલભાઈ ઉપાધ્યાય, મિતેષભાઈ શાહ, જયાબેન પટેલ હાજર રહેલ. તેમજ વિવિધ સમિતિઓના ચેરમેનો તથા સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું નગરપાલિકાના ચીફ ઓફીસર પ્રણવ પારેખે સક્રિય રીતે આયોજન કરાવ્યું હતું. જેમાં હિંમતનગર ન.પા.ના કર્મચારીઓ, મામલતદાર કચેરીના કર્મચારીઓ તથા તાલુકા હેલ્થ કચેરીના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# મોડાસામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો પ્રારંભ

## અરવલ્લીના ૬ તાલુકામાં ૧.૭૬ લાખ ગરીબ પરિવારોને નિઃશુલ્ક રાંધણગેસના જોડાણો આપવામાં આવશે

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકા અને બે શહેરોના ગરીબી રેખા નીચેના પરિવારો સાથે જોડાયેલી સ્ત્રીઓને મફતમાં રાંધણગેસ જોડાણ આપવાની યોજનાનો એક કાર્યક્રમ યોજીને આજરોજ મોડાસામાં સાંસદના હસ્તે સુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં જિલ્લાના ૧.૭૬ લાખ સ્ત્રી લાભાર્થીઓને મફત જોડાણ અપાશે.

અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે યોજાયેલ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો શુભારંભ સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે લાભાર્થીઓને ગેસકીટની વહેંચણી કરીને કરવામાં આવ્યો હતો. પ્રારંભે આઈઓસી ડે. મેનેજર સુશીલકુમાર મુરઠિયાએ યોજનાનો પરિચય આપ્યો હતો.

૧૮ વર્ષથી ઉપરની વયજૂથ ધરાવતી સ્ત્રી લાભાર્થીઓમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧,૨૪,૮૫૪માં અ.જા.સ્ત્રી લાભાર્થીઓ ૧૨૦૨૬ અને અ.જ.જાતિની ૪૬૦૪૦ લાભાર્થીઓનો સમાવેશ થાય છે.



જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ લાભાર્થીઓને કીટ્સ વિતરણ દરમિયાન જણાવ્યુ હતુ કે શહેરી વિસ્તારમાં ૧૮ વર્ષથી ઉપરની ૪૫૬૦ સ્ત્રી લાભાર્થીઓ, અ.જા. સ્ત્રીની ૩૫૪ અને અ.જ.જાતિની ૨૨૨ સ્ત્રી લાભાર્થીઓને મફત રાંધણગેસ જોડાણ આગામી ત્રણ વર્ષમાં આપવામાં આવશે.

જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ, ડીડીઓ, જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ અને અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અંતે આઈઓસી કંપનીના સંશાકકુમાર શર્માએ આભારવિધિ કરી હતી.

## લાયન્સ ક્લબ ઓફ ધાનેરાનો પદગ્રહણ સમારોહ યોજાયો

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં લાયન્સ ક્લબ ઓફ ધાનેરાનો પદગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ પદે રમેશભાઈ ઠક્કર, ખજાનચી તરીકે ઈશ્વરભાઈ ચૌધરી અને સેક્રેટરી તરીકે પોપટલાલ ખાતરીની નિમણુંક કરવામાં આવી હતી.

ધાનેરાની મણીબેન વ્રજલાલ મહેતા હોસ્પિટલના હોલમાં આજે લાયન્સ કલબ ઓફ ધાનેરાનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. પદગ્રહણ સમારોહમાં પધારેલા પાંચ જિલ્લાના ગવર્નર સુરેશભાઈ શાહ ધ્વારા હોદ્દાના સપથ લેવડાવ્યા હતા. જેમાં પ્રમુખ પદે રમેશભાઈ ઠક્કર, ખજાનચી તરીકે ઈશ્વરભાઈ ચૌધરી અને સેક્રેટરી તરીકે પોપટલાલ ખાતરીની નિમણુંક કરવામાં આવી હતી. તમામ હોદ્દેદારો સારી કામગીરી કરે તેવા આશીર્વાદ પણ આપ્યા હતા. આ કાર્યક્રમમાં પાંચ જિલ્લાના ગવર્નર સુરેશભાઈ થરાદથી ડો. રીધેશભાઈ ચૌધરી, માર્કેટાઈલ્સ બેન્ક ધાનેરાના ચેરમેન નથાભાઈ પટેલ, જિલ્લા ભાજપ વસંતલાલ પુરોહિત સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. આવનારા તમામ મહેમાનોનો રમેશભાઈએ આભાર માન્યો હતો અને સારી કામગીરી કરવાની ખાતરી આપી હતી.

# પ્રાંતિજ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની બેઠક યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ પ્રાંતિજ દૂધ મંડળીની વાર્ષિક સાધારણ સભા પટેલ સમાજવાડીમાં મળી હતી.

મંડળીના ચેરમેન ચીનુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ સભામાં ગત સાલ લીધેલ કામો, હીસાબી પત્રકો, પેટા નિયમ મુજબ કરેલ નફાની ફાળવણી, ઓડીટ મેમો અને તેની દુરસ્તી મંડળીના સેક્રેટરી રામભાઈ પટેલે વાંચન કર્યું હતું. મંડળીએ ચાલુ સાલે દૂધની ખરીદ કિંમત ઉપર સંઘભાવ વધારો, મંડળી ભાવ વધારો તથા સભાસદ બોનસ ફંડ ભેગા કરી ૧૫.૭૫ ટકા લેખે ૮,૬૨,૯૭૧ રૂપિયા ચુકવવાનું નક્કી કરેલ છે. નંદી ઘરની જગ્યાએ ગોડાઉન બનાવવા સભાની બહાલી લેવામાં આવી હતી. ગાય તથા ભેંસમાં વધુ કિંમતનું દૂધ ભરાવેલ દસ સભાસદોને વ્યવસ્થાપક કમિટી સભ્યોએ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. સને ૧૬-૧૭ના વર્ષમાં પચીસ હજાર રૂપિયા અથવા ૭૦૦ લીટર દૂધ ભરાવે તે ગ્રાહકોને ગીફટ આપવા માટે ચર્ચા કરવામાં આવી હતી. ૯મી તથા ૧૦મી જુલાઈના રોજ ભાવ વધારો ચુકવવાની જાહેરાત કરવામાં આવી હતી. સભાસદોએ મંડળી માટે જરૂરી સૂચનો કર્યા હતા. ચેરમેને જરૂરી ઉદબોધન કરી જરૂરી સૂચનોનો અમલ કરવાની ખાતરી આપી હતી. ૩૬મી વાર્ષિક સાધારણ સભાને સફળ બનાવવા રમેશ મિસ્ત્રી, ભીખાજી મકવાણા તથા રાજુભાઈ પટેલે અથાગ પ્રયત્નો કર્યા હતા. મંડળીના વાઈસ ચેરમેન હિતેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી.